પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૨૦, સોમવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કોરોના સામેના જંગનો ઐતિહાસિક આરંભ



**દેશમાં જનતા કર્ફ્યુને અભૂતપૂર્વ પ્રતિસાદ : સમગ્ર દેશમાં સન્નાટો : દેશના તમામ રસ્તાઓ બિલકુલ સુમસામ દેખાયા : દેશભરમાં સાંજે પાંચ વાગે આભારનો નાદ ગાજી ઉઠ્યો**

નવીદિલ્હી, તા.૨૨

કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં એક પછી એક જટિલ નિર્ણય લેવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ આજે દેશભરમાં જનતા કર્ફ્યુની સ્થિતિ રહી હતી. વડાપ્રધાનની આ જનતા કર્ફ્યુની અપીલને દેશભરના તમામ લોકોએ જોરદારરીતે પ્રતિસાદ આપ્યો હતો. દેશના તમામ માર્ગો ઉપર કોઈપણ પ્રકારના વાહનો દેખાયા ન હતા. કોઈ લોકો પણ દેખાયા ન હતા. જાહેર રસ્તાઓ સુમસામ દેખાયા હતા. તમામ જગ્યાઓએ રસ્તા ખાલી દેખાયા હતા. એક બે લોકો જ નજરે પડી રહ્યા હતા. એકબાજુ દુનિયાભરમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ૧૩૦૦૦થી ઉપર પહોંચી ચુક્યો છે ત્યારે ભારતમાં કોરોના વાયરસથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૩૫૦થી ઉપર પહોંચી છે. ગુજરાતમાં એક સહિત કોરોનાથી ૭ લોકોના મોત પણ થઈ ચુક્યા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે આના ફેલાવવાને રોકવા માટે આજે દેશભરમાં જનતા કર્ફ્યુની જાહેરાત કરાઈ હતી. આ પ્રકારના જનતા કર્ફ્યુનો દોર હજુ જારી રહે તેમ માનવામાં આવે છે. જનતા કર્ફ્યુના પરિણામ સ્વરુપે આજે માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. એકબે લોકો જ નજરે પડી રહ્યા હતા. દેશના મોટાભાગના રાજ્યોમાં લોકો ઘરની અંદર જ રહ્યા હતા. શાક સબ્જી, દુધની દુકાનો ખુલ્લી રહી હતી. મેડિકલ સ્ટોર પણ ખુલ્લા




રહ્યા હતા. મળેલી માહિતી મુજબ આ પ્રકારની સ્થિતિ હજુ કેટલાક દિવસ સુધી જારી રાખવામાં આવે તેવી શક્યતા છે. આજે દેશભરમાં જનતા કર્ફ્યુના લીધે તમામ જીવન જરૂરી સેવા સિવાયની કામગીરી ઠપ રહી હતી. દુનિયાભરમાં કોરોના વાયરસથી આશરે ત્રણ લાખ લોકો અસર પામ્યા છે ત્યારે ભારતમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. આની લડાઈ ચાલી રહી છે. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે સમગ્ર દુનિયામાં હાલ ભારે હાહાકારની સ્થિતિ છે.

● અનુસંધાન પાના - ૭ પર

## દેશમાં પ્રથમવાર રેલ સેવા રદ

નવીદિલ્હી, તા. ૨૨

કોરોના વાયરસના પરિણામ સ્વરુપે દેશમાં હાહાકાર મચી ગયો છે. એક પછી એક કઠોર નિર્ણય લેવાઈ રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે રેલવેએ ઈતિહાસમાં પ્રથમ વખત તમામ ટ્રેનોને બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. ૩૧મી માર્ચે રાત્રે ૧૨ વાગ્યા સુધી તમામ યાત્રી ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે. આ ગાળા દરમિયાન માત્ર માલગાડી ચાલશે. જો કે, સબ અર્બન ટ્રેનો અને કોલકાતા મેટ્રોની સેવા યથાવતરીતે જારી રહેશે. આ ૨૨મી માર્ચ સુધી જારી રહેશે. ત્યારબાદ તેને પણ બંધ કરવામાં આવનાર છે. રેલવેએ કહ્યું છે કે, માલગાડીઓને જારી રાખવામાં આવશે. દેશના તમામ હિસ્સામાં જરૂરી પુરવઠો પહોંચી શકે તેની ખાતરી કરવા માટે માલગાડી જારી રાખવામાં આવી છે. રદ કરવામાં આવેલી ટ્રેનોમાં જે યાત્રીઓએ બુકિંગ કરાવ્યું છે તે પોતાના પૈસા રિફન્ડ લઈ શકે છે. યાત્રીઓને તેમના ટિકિટના પૈસા પરત કરવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો છે. પેસેન્જરોની તકલીફને ધ્યાનમાં લઈને કેન્સલ કરવામાં આવેલી તમામ ટ્રેનો માટે પૂર્ણ રિફન્ડ આપવામાં આવનાર છે.

## કોરોના વાયરસના પગલે ઈન્ડિયા લોકડાઉન

**પંજાબ, રાજસ્થાન સહિતના મોટાભાગના રાજ્યોમાં લોકડાઉન : ૭૫ જિલ્લાઓને ૩૧ માર્ચ સુધી લોકડાઉન કરવાનો કરાયેલ નિર્ણય તમામ ટ્રેનો, બસ સર્વિસ, મેટ્રો સર્વિસ બંધ : કેબિનેટ સચિવે વિધિવત જાહેરાત કરી : : માત્ર જરૂરી સેવા જારી**

નવીદિલ્હી, તા. ૨૨

કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં લઈને કેન્દ્ર લોકડાઉન જાહેરાત કરવામાં આવી છે. આ ગાળા દરમિયાન માત્ર જરૂરી સેવાઓ મળશે. ટ્રેન હતી. આની સાથે જ મોટી સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડે તેવી કહ્યું હતું કે, આ પ્રતિબંધ અથવા તો અંકુશ એવા ૭૫ જિલ્લામાં મુકવામાં આવ્યા છે જ્યાં કોરોના





સરકારે આજે મોટો નિર્ણય કર્યો હતો. કોરોના અસરગ્રસ્ત ૭૫ જિલ્લામાં ૩૧મી માર્ચ સુધી સંપૂર્ણ સર્વિસ, મેટ્રો સર્વિસ, બસ સર્વિસ બંધ રહેશે. આ અંગેની સત્તાવાર જાહેરાત આજે કરવામાં આવી સ્થિતિ પણ સર્જાઈ ગઈ છે. આ આદેશ આજે કેબિનેટ સચિવ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. તેમણે પોઝિટિવના મામલા સપાટી ઉપર આવ્યા છે. ૩૧મી માર્ચ સુધી હવે બિનજરૂરી યાત્રા પર અંકુશ મુકી દેવામાં આવ્યો છે. આ ગાળા દરમિયાન કોઈપણ ટ્રેન ચાલશે નહીં. સાથે સાથે મેટ્રોનું સંચાલન પણ મર્યાદિત કરી દેવામાં આવ્યું છે. ટ્રેન સર્વિસને ૩૧મી માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરાયો છે. માત્ર માલગાડી દોડશે. મેટ્રો સર્વિસ પણ બંધ રહેશે. ઈન્ટરસ્ટેટ પેસેન્જર ટ્રાન્સપોર્ટને પણ ૩૧મી માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરાયો છે. કોરોના વાયરસના કારણે આ પ્રકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પરિવહનના સૌથી મોટા હિસ્સા તરીકે રહેલા રેલવેએ ૩૧મી માર્ચ સુધી તમામ ટ્રેનો બંધ કરી છે. ઈતિહાસમાં પ્રથમ વખત રેલવે

● અનુસંધાન પાના - ૭ પર

## દેશમાં ૨૩ રાજ્યોમાં કોરોનાના ૩૬૦ કેસ : મૃત્યુઆંક સાત થયો

**કોરોનાના પોઝિટિવ આવેલા લોકોમાં ૪૧ વિદેશી નાગરિક સામેલ : કોરોના વાયરસનો કહેર હવે દુનિયાની સાથે સાથે ભારતમાં સતત વધી રહ્યો છે : જનતા કર્ફ્યુ વચ્ચે પણ વધુ કેટલાક કેસો સપાટી પર : સમગ્ર દેશ એલર્ટ**

નવી દિલ્હી, તા.૨૨

કોરોના વાયરસના કેસોની સંખ્યામાં અતિઝડપથી વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ કેસોની સંખ્યા વધીને ૩૪૬થી વધુ થઈ ગઈ છે. ઘણા કેસોની નોંધ હજુ થઈ નથી એટલે આ આંકડો વધારે હોઈ શકે છે. આજે કોરોના વાયરસના કારણે ગુજરાતમાં પણ કેટલાક નવા કેસો સપાટી ઉપર આવ્યા હતા. ઘણા લોકોના ટેસ્ટના પરિણામ હજુ આવ્યા નથી. કેન્દ્રીય આરોગ્યમંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્રમાં મોતનો આંકડો સૌથી વધારે નોંધાયો છે. મૃત્યુ પામેલાઓમાં ૪૧ વિદેશી નાગરિકો છે. દિલ્હી, કર્ણાટક, પંજાબમાં આજે નવા કેસ નોંધાયા હતા. ગુજરાતમાં પણ નવા કેસ નોંધાયા હતા. કોરોના સામે લડત દેશભરમાં જોરદારરીતે જારી રહી છે. જનતા કર્ફ્યુને અમલી બનાવીને લોકોએ તેમની એકતા દર્શાવી હતી. કોરોનાના સૌથી વધારે મરીજ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા વધીને ૭૧ ઉપર પહોંચી છે. જ્યારે કેરળમાં ભારતીય પોઝીટીવ આવેલા લોકોની સંખ્યા ૪૫ અને સાત વિદેશી પોઝીટીવ આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૨૫, મહારાષ્ટ્રમાં ૭૧, દિલ્હીમાં ૨૬ પોઝીટીવ કેસ થઈ ચુક્યા છે. કોરોનાના કારણે મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસો નોંધાયા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૭૧ થઈ છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની વાત કરવામાં આવે તો પુણેમાં સૌથી વધુ કેસો સપાટી પર આવ્યા

● અનુસંધાન પાના - ૭ પર

## રાજ્યમાં કોરોનાના ૧૮ કેસ

**રાજ્યમાં કોરોનાથી પ્રથમ મોત થયું : અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગરમાં લોકડાઉન : વડોદરામાં પણ કોરોનાની શંકાસ્પદ મહિલાનું મોત થતાં ચિંતાનું મોજુ ફેલાઈ ગયું : જીવલેણ કોરોના કેસોની સંખ્યા અમદાવાદમાં વધીને સાત ઉપર પહોંચી**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં કોરોના વાઈરસના કારણે પહેલું મોત થયું છે. સુરતમાં ૬૭ વર્ષીય વૃધ્ધનું મોત નીપજતા સરકાર સહિત સમગ્ર તંત્રમાં જબરદસ્ત હડકંપ મચી ગયો છે. કોરોનાનો રિપોર્ટ કરાવતા પોઝીટીવ આવ્યા બાદ છેલ્લા ચાર દિવસથી હોસ્પિટલમાં દાખલ હતા. આ વૃધ્ધ હીરાના વેપારી હતા અને સુરતના અઠવાલાઈન્સમાં રહેતા હતા. કોરોના પોઝીટીવ આવ્યા પહેલાં પણ કિડની પણ ફેઈલ થઈ હતી અને અસ્થમાની બિમારીથી પણ પીડાતા હતા. કોરોના પોઝીટીવ આવતાં છેલ્લાં ચાર દિવસથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. આજે બપોરે મોત થતાં રાજ્યભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. તો વડોદરામાં પણ કોરોના વાઈરસની શંકાસ્પદ

● અનુસંધાન પાના - ૭ પર

### ક્યાં કેટલા કેસ

| શહેર | કેસ |
|---|---|
| અમદાવાદ | ૦૭ |
| વડોદરા | ૦૩ |
| સુરત | ૦૩ |
| રાજકોટ | ૦૧ |
| ગાંધીનગર | ૦૩ |
| કચ્છ | ૦૧ |
| કુલ કેસ | ૧૮ |

## રાજયસભા ચૂંટણી મુલતવી રાખવા માટે પંચને અનુરોધ

અમદાવાદ,તા.૨૨

રાજયસભાની ચૂંટણી મોકૂફ કે રદ કરવા અંગે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી દેવામાં આવી છે. સરકારે કોરોના વાઈરસના ચેપનો ફેલાવો વધુ ના થાય તે હેતુથી રાજયસભાની ચૂંટણી મુલત્વી રાખવા માટે યોગ્ય સ્તરે યોગ્ય રજૂઆત કરી દીધી હોવાનું રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું. જેને પગલે તા.૨૬મી માર્ચે યોજાનારી ગુજરાતની રાજયસભાની ચાર બેઠકોની ચૂંટણી રદ થઈ શકે છે. આ નિર્ણયની ગુજરાતના રાજકારણ પર પણ અસર પડશે. જો કે, જાહેરહિતમાં રાજયસભાની ચૂંટણી મોકૂફ રખાય તે હિતાવહ છે. રાજયસભાની ચૂંટણી કોરોના વાઈરસને કારણે મુલતવી રહી શકે છે. ૨૬મી માર્ચના ગુજરાત સહિત દેશભરમાં ૫૫ બેઠકો માટે રાજયસભાની ચૂંટણી થવાની હતી જેમાં ગુજરાતમાં ચાર બેઠકો માટે ચૂંટણી થવાની હતી.

## વિદેશથી આવેલા વધુ ૨૬ મુસાફરો ભાટ પાસેની હોટેલમાં શિફ્ટ

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરમાં વિદેશથી આવેલા વધુ ૨૬ જેટલા મુસાફરોને ભાટ પાસે આવેલી હોટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમને અલગ પાડીને તેઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવી રહ્યુ છે. દરમિયાન તંત્ર દ્વારા અત્યાર સુધી જે લોકો હોમ કવોરેન્ટાઈલમાં રહ્યા હતા તેઓની સાથે કોણ કોણ સંપર્કમાં આવ્યુ હતું તેની પણ યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ માટે ૯ જેટલા અધિકારીઓની ટીમ તૈયાર કરવામાં આવી છે.

વંદન સાથે સન્માન



માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી



માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



માન. ના. મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ



માન. મેયરશ્રી રીટાબેન પટેલ

કોરોના વચ્ચે લડતા રાજ્ય અને દેશના તમામ કર્મવીરોને વંદન સાથે સન્માન

લિ.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે:૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225